૧૫ દિવસથી તૂટેલા નાળા અંગે અધિકારીઓ-કોર્પોરેટરો નિષ્ક્રિય : સ્થાનિકોનો ગંભીર આક્ષેપ

# વડોદરાના અટલાદરામાં તળાવ પાસેનું નાળું ધસી પડતાં અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૨ માં આવતા અટલાદરા ગામના ભાથીજી મંદિર અને તળાવ પાસે આવેલા મુખ્ય માર્ગ પરનું નાળું ક્ષતિગ્રસ્ત થઈને ધસી પડતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકો માટે ભારે મુશ્કેલી સર્જાઈ છે. છેલ્લા ૧૨ થી ૧૫ દિવસથી આ માર્ગ પર નાળું તૂટી ગયેલી હાલતમાં હોવા છતાં વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓ કે સ્થાનિક કોર્પોરેટરો દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી ન હોવાથી સ્થાનિક નાગરિકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.



અટલાદરા ગામના સ્થાનિક રહીશ હરીશ ચૌહાણે જણાવ્યા અનુસાર, આ રસ્તો ગામનો મુખ્ય માર્ગ હોવાની સાથે સોસાયટીઓ અને સ્કૂલ વાહનોની સતત અવરજવર ધરાવતો માર્ગ છે. નાળું ધસી જવાથી દરરોજ પસાર થતા રાહદારીઓ, શાળાના બાળકો અને વાહનચાલકો માટે મોટી જાનહાનીનો અકસ્માત સર્જાવાનો ભય ઊભો થયો છે. સ્થાનિક જાગૃત નાગરિકોએ કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે પોતાની રીતે સાવચેતીના પગલાં રૂપે બેરિકેડિંગ કે આડશ મૂકવાની ફરજ પડી છે. બે દિવસ પહેલા જ એક ગાયનો પગ આ ક્ષતિગ્રસ્ત નાળામાં ફસાઈ ગયો હતો, જેને ગામના યુવાનોએ ભારે જહમત બાદ સલામત રીતે બહાર કાઢી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે વોર્ડ નંબર ૧૨ ની કચેરીના એન્જિનિયરિંગ વિભાગના અધિકારીઓને આ બાબતે તસવીરો સાથે વોટ્સએપ પર જાણ કરવામાં આવી હોવા છતાં અને મેસેજ જોઈ લીધા હોવા છતાં હજુ સુધી પાલિકા તંત્ર તરફથી કોઈ પ્રત્યુત્તર કે સમારકામની કામગીરી કરવામાં આવી નથી. ચૂંટણી જીત્યા બાદ ચારેય સ્થાનિક કોર્પોરેટરો વિસ્તારની મુલાકાત લેતા ન હોવાનો અને વિસ્તારના પ્રશ્નો પ્રત્યે નિષ્ક્રિય હોવાનો ગંભીર આક્ષેપ પણ ગ્રામજનોએ કર્યો છે. તંત્ર અને લોકપ્રતિનિધિઓની આ ઘોર બેદરકારી સામે રોષ વ્યક્ત કરતાં સ્થાનિકોએ માગ કરી છે કે કોઈ મોટો અકસ્માત કે જાનહાની થાય તે પહેલાં આ ક્ષતિગ્રસ્ત નાળાનું ત્વરિત અને કાયમી ધોરણે સમારકામ કરવામાં આવે.

વડોદરા કોર્પોરેશનની નવી SOP

# હવે શહેરમાં 'ફુલ ડેપ્થ રિપેર' પદ્ધતિથી બનશે મજબૂત રસ્તા

**નવી સિસ્ટમથી** રોડ પર ફરી ખાડા પડવાની શક્યતા નહિવત

(પ્રતિનિધિ) વડોદરા તા.19

ચોમાસાની ઋતુ દરમિયાન વડોદરા શહેરમાં માર્ગો પર પડેલા ખાડા અને અગાઉ કરાયેલા નબળા પેચવર્કના કામથી વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. વારંવાર રસ્તાઓ પર ખાડા પડી જવાની અને રોડ બેસી જવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે વડોદરા મ્યુનિસિપલ કમિશનર એક્શન મોડમાં આવ્યા છે. શાસન દ્વારા નવી SOP અને નવા SOR મુજબ અત્યાધુનિક FDR પદ્ધતિથી માર્ગોના સમારકામ અને પેચવર્કની નવી સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે.



નવી FDR પદ્ધતિ વિશે માહિતી આપતાં પાલિકાના ડેપ્યુટી એન્જિનિયરે જણાવ્યું હતું કે, સામાન્ય પેચવર્કમાં હોટમિક્સ મટિરિયલ સીધું જ પાથરી દેવામાં આવતું હતું, જેના કારણે રોડ બેસી જવાની અને સપાટી અસમાન થઈ જવાની ફરિયાદો રહેતી હતી. જ્યારે આ નવી FDR પદ્ધતિમાં રસ્તાના અસરગ્રસ્ત ભાગને પૂરેપૂરો કટ કરીને ખોદવામાં આવે છે. ત્યારબાદ પાણીના લીકેજ કે અન્ય ખામીઓ દૂર કરી વેટ મિક્સ મટિરિયલથી મજબૂત બેઝ તૈયાર કરવામાં આવે છે. એક દિવસના ડમ્પિંગ અને રોલિંગ બાદ સમગ્ર સપાટી પર હોટમિક્સ મટિરિયલનું કાર્પેટિંગ કરીને લેવલિંગ કરવામાં આવે છે. આ નવીન અને મજબૂત કામગીરીના ભાગરૂપે હાલમાં મનિષા ચોકડીથી વોર્ડ નંબર ૧૨ તરફ જવાના માર્ગ પર આ FDR પદ્ધતિથી પેચવર્ક હાથ ધરાયું છે.

લાંબા સમયથી ઉકેલ ન આવતાં રોગચાળાની ભીતિ

# બિલ મઢીમાં દૂષિત ડ્રેનેજ પાણીના ભરાવાથી સ્થાનિકોમાં ભારે રોષ

**કાયમી નિકાલ નહીં** થાય તો પાલિકા કચેરીએ ઉગ્ર આંદોલનની સામાજિક કાર્યકરની ચેતવણી





(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરાના બિલ મઢી વિસ્તારમાંથી એક ગંભીર સમસ્યા સામે આવી રહી છે, જ્યાં ડ્રેનેજના દૂષિત અને ગંદા પાણીના ભરાવાના કારણે સ્થાનિક રહીશો નરકાગાર જેવી પરિસ્થિતિ ભોગવવા મજબૂર બન્યા છે. વડોદરા મહાનગરપાલિકા અને સ્થાનિક 'જસ પેકેજિંગ' કંપની વચ્ચે ચાલી રહેલી કામગીરી તેમજ તંત્રની અણઘડ નીતિઓને કારણે ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળતાં લોકોમાં ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા લાંબા સમયથી વિસ્તારમાં ડ્રેનેજ લાઈન અને ગંદા પાણીની નિકાલ પ્રક્રિયા ઠપ થઈ ગઈ છે. દૂષિત પાણી ઉભરાઈને રસ્તા પર આવતા દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ ચરમસીમાએ પહોંચ્યો છે, જેના કારણે ચોમાસા તથા સામાન્ય દિવસોમાં પણ સ્થાનિકોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે. ડેન્ગ્યુ, મલેરિયા અને રોગચાળો ફેલાવાની ભીતિથી નાના બાળકો અને વડીલોની ચિંતામાં વહારે વધારો થયો છે. રહીશોએ તંત્ર સામે તીખા સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, વારંવાર રજૂઆતો કરવા છતાં પણ પાલિકા કે કંપની દ્વારા આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવામાં આવી રહ્યો નથી. નાગરિકો પૂછી રહ્યા છે કે આખરે આ યાતનાઓમાંથી મુક્તિ ક્યારે મળશે અને પાલિકાનું તંત્ર નિંદ્રામાંથી જાગીને લોકોના સ્વાસ્થ્ય હિતમાં યોગ્ય અને નક્કર કાર્યવાહી ક્યારે કરશે?

આ સમગ્ર મામલે સામાજિક કાર્યકર નરેશ પ્રજાપતિએ પણ સ્થાનિકોના સમર્થનમાં આવીને પાલિકા તંત્ર સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, જો પાલિકા તંત્ર અને સંબંધિત કંપની દ્વારા તાત્કાલિક ધોરણે આ દૂષિત પાણીની સમસ્યાનો બિલ મઢી વિસ્તારમાંથી કાયમી નિકાલ કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં વડોદરા મહાનગરપાલિકા કચેરી ખાતે સ્થાનિકોને સાથે રાખીને ઉગ્ર આંદોલન અને ઘેરાવ કરવામાં આવશે.

# 'રાધા વિના આરાધના નથી' : વ્રજધામમાં યુવાનો કૃષ્ણભક્તિના રંગે રંગાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.19

માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO) દ્વારા રાધાષ્ટમીની પૂર્વ સંધ્યાએ તા. 18 સપ્ટેમ્બરે ભવ્ય 'ભજન જૅમિંગ અને રાસ' ઉત્સવ યોજાયો હતો. 'Youth for Krishna' અને 'Connect with Krishna'ના સંદેશ સાથે યોજાયેલા કાર્યક્રમમાં 16થી 40 વર્ષની વયના મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા.

રાધા એટલે નિઃસ્વાર્થ પ્રેમ, કૃષ્ણ એટલે પરમાનંદ આ પ્રસંગે પૂજ્યપાદ ગોસ્વામી 108 શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીએ 'Importance of Spiritual Rituals in Daily Life' વિષય પર માર્ગદર્શન આપ્યું. તેમણે જણાવ્યું કે Ritual માત્ર રૂઢિ નહીં, પરંતુ જીવનને શિસ્તબદ્ધ અને ઈશ્વરકેન્દ્રિત બનાવતી આધ્યાત્મિક પરંપરા છે. "રાધા વિના આરાધના નથી. રાધા એટલે નિઃસ્વાર્થ પ્રેમ અને કૃષ્ણ એટલે પરમાનંદ," તેમ તેમણે જણાવ્યું.

પૂજ્યશ્રીએ યુવાનોને આધુનિકતા સાથે આધ્યાત્મિક જોડાણ જાળવી રાખવા અને Technology સાથે connect રહેતાં Krishna સાથેનું connection ક્યારેય disconnect ન કરવા આહ્વાન કર્યું. યુગનાદ ટીમના ભજનો સાથે યોજાયેલા ભજન જૅમિંગ અને રાસમાં યુવાનો ભક્તિભાવથી ઝૂમી ઉઠ્યા હતા.

# ચંદ્રગોપાલજી મહારાજશ્રીના જન્મોત્સવે ત્રિદિવસીય અલૌકિક કાર્યક્રમ

વડોદરાઃ નિત્યલીલાસ્થ પ.પૂ. ગો. ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીના ૮૨મા જન્મોત્સવ નિમિત્તે શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા 'વેણુગીત' વિષય પર ત્રિદિવસીય અલૌકિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.



તા. ૨૯ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સયાજીગંજમાં સૂર્યા પેલેસ હોટલ પાસે આવેલા વાકળ સેવા કેન્દ્ર ખાતે દરરોજ સાંજે ૪થી ૭ વાગ્યા સુધી કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજલતા વહુજી મહોદયાશ્રી, પ.પૂ. ગો. ૧૦૮ શ્રી યોગેશ્વર મહોદયશ્રી તથા પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વિશાલ બાવા મહોદયશ્રી (ચેન્નાઈ) ની મંગલમય ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમ દરમિયાન અમદાવાદના કીર્તનકાર મંગળભાઈ બાપોદરા દ્વારા કીર્તન, ધોળ, પદ અને વધાઈની ભક્તિરસસભર રમઝટ બોલાવાશે.

સંરક્ષણ ભરતી પૂર્વે શારિરીક તપાસ

# માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં નિવાસી તાલીમ માટે ચકાસણી



(પ્રતિનિધિ) વડોદરા,તા.19

સંરક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માંગતા યુવાનો માટે વડોદરામાં ફ્રી નિવાસી તાલીમ માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે તાલીમ માટે અરજી કરનારા ઉમેદવારોની ફિઝિકલ પ્રી-સ્ક્રુટિની સાથે કારકિર્દી માર્ગદર્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી હસ્તકની મદદનીશ રોજગાર નિયામક કચેરી, વડોદરા દ્વારા દર વર્ષે સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા 90 યુવાનોને 30 દિવસની ફ્રી નિવાસી તાલીમ આપવામાં આવે છે. ચાલુ વર્ષ 2026-27 માટેની તાલીમ માટે માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, દરબાર ક્રોસિંગ પાસે, માંજલપુર ખાતે ફિઝિકલ પ્રી-સ્ક્રુટિની યોજાઈ હતી. ઓનલાઈન અરજી કરનારા આશરે 150 જેટલા ઉમેદવારોને ફિઝિકલ ચકાસણી માટે બોલાવવામાં આવ્યા હતા. આ દરમિયાન ઉમેદવારોની રનિંગ, ઊંચાઈ, વજન અને છાતીની ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ સંરક્ષણ ક્ષેત્રમાં કારકિર્દીના વિવિધ વિકલ્પો અંગે આર્મી, નેવી અને એરફોર્સના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રોજગાર કચેરીના મદદનીશ રોજગાર નિયામક અલ્પેશ ચૌહાણે પણ ઉમેદવારોને કારકિર્દી અંગે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# રોજગાર મેળામાં ૫૧ હજારથી વધુ યુવાનોને નિયુક્તિ પત્રો અપાયા



વડોદરા : વડોદરાના ICAI ભવન ખાતે ૨૦મા રાષ્ટ્રીય રોજગાર મેળા અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. દેશભરમાં વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવી નિમણૂક મેળવનારા ૫૧ હજારથી વધુ યુવાનોને નિયુક્તિ પત્રો આપવામાં આવ્યા હતા. વડોદરાના કાર્યક્રમમાં કેન્દ્રીય કાયદા અને ન્યાય તથા સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ મુખ્ય અતિથિ રહ્યા હતા. મેયર ગીતાબેન મકવાણા, ધારાસભ્ય બાલકૃષ્ણ શુક્લા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી મેઘવાલે નવી સરકારી સેવામાં જોડાતા યુવાનોને અભિનંદન પાઠવી સરકારી પદને સત્તા નહીં પરંતુ જનસેવાની જવાબદારી તરીકે નિભાવવાનો સંદેશ આપ્યો હતો.

સારવાર અર્થે SSG હોસ્પિટલ ખસેડાયા

# સાબરકાંઠાના હોમગાર્ડ જવાનને બાથરૂમમાં ખેંચ આવતા ઢળી પડ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

શહેરમાં ગણપતિ મહોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી પોલીસ અને સુરક્ષાકર્મીઓની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. દરમિયાન, મકરપુરા પોલીસ સ્ટેશન ખાતે બંદોબસ્તમાં આવેલા સાબરકાંઠાના એક હોમગાર્ડ જવાનને અચાનક સ્વાસ્થ્ય બગડતા હોસ્પિટલ ખસેડવા પડ્યા હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સાબરકાંઠા જિલ્લાથી ગણપતિ વિસર્જન અને તહેવારના બંદોબસ્ત માટે વડોદરાના મકરપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરજ પર આવેલા હોમગાર્ડ જવાન રાજેશભાઈ સોજાજી આજે સવારે બાથરૂમમાં નાહવા માટે ગયા હતા. તે દરમિયાન અચાનક તેમને ખેંચ આવી ગઈ હતી અને તેઓ બાથરૂમમાં જ અચાનક નીચે ફસડાઈ પડ્યા હતા. ઘટનાને પગલે આસપાસના સાથી જવાનો તાત્કાલિક દોડી આવ્યા હતા અને રાજેશભાઈને ઈજાઓ પહોંચી



હોવાનું જણાઈ આવતા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને જાણ કરવામાં આવી હતી.

૧૦૮ ની ટીમ સમયસર સ્થળ પર પહોંચી ગઈ હતી અને પ્રાથમિક સારવાર આપીને તુરંત જ તેમને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલ ખાતે તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. આ બનાવને પગલે પોલીસ બેડામાં ચિંતાની લાગણી ફેલાઈ ગઈ હતી, જોકે સમયસર સહાય મળી જવાથી મોટી દુર્ઘટના ટળી હતી.

# બે દિવસનો દિવ્યાંગજનો માટે એશિયાકક્ષાનો ઈવેન્ટ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

MSUની ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ ખાતે યોજાતો પ્રેરણા - ધ ઈમ્પ્રેસિપરેશન દિવ્યાંગજનો માટે એશિયા ખંડની સૌથી મોટી ઈવેન્ટ છે, જે દિવ્યાંગજનોનો ઉત્સાહ અને આત્મવિશ્વાસને ઉજાગર કરતી અનોખી પહેલ છે. પ્રેરણા ઈવેન્ટને યુનેસ્કો તરફથી છ વખત પેટ્રોનેજ પ્રાપ્ત થયેલ છે તથા લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં પણ આગવું સ્થાન મેળવેલ છે. તેમજ દેશના વડાપ્રધાન તથા ગુજરાતના મુખ્યમંત્રી તરફથી શુભેચ્છા પત્ર પણ પ્રાપ્ત થયેલ છે. જેમાં ભારતીય પેરા ટેબલ ટેનિસ ખેલાડી અને ગોલ્ડ મેડલિસ્ટ શીતલ દરજીમેમ ઉપસ્થિત રહેશે, જેમણે 2025માં યુટીટી પેરા સિનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. અલ્ફાઝ અંતર્ગત શારણજડા (દુબહી) ખાતે રજત પદકથી સન્માનિત ઠાકોર ખોડાજી સર આવી રહ્યા છે, જેમણે એશિયન ગેમ્સ 2023માં ચીન ખાતે ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

# આંબેડકર મ્યુઝિયમના આમંત્રણ પત્રિકામાં મેયરની બાદબાકી

**મેયર** ગીતાબેન મકવાણા અને જિલ્લા પંચાયત પ્રમુખ જોસનાબેન રબારીનું નામ ગાયબ, પ્રોટોકોલ ભંગના સવાલો

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરમાં સયાજીબાગ ખાતે આવેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારક તથા કલ્યાણનગર ખાતે નિર્માણ પામેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર મ્યુઝિયમના ઉદ્ઘાટન કાર્યક્રમને લઈને રાજકીય ગરમાવો આવી ગયો છે. 20 સપ્ટેમ્બરે યોજાનારા આ મહત્વકાંક્ષી કાર્યક્રમની નિમંત્રણ પત્રિકાને લઈને શાસક પક્ષ ભાજપના મહિલા મોરચામાં ભારે વિવાદ અને નારાજગીનો સૂર ઉઠ્યો છે.

મળતી માહિતી મુજબ, રાજ્યકક્ષાના મંત્રી મનીષાબેન વકીલના વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી ઉદ્ઘાટન કાર્યક્રમની નિમંત્રણ પત્રિકામાંથી વડોદરા શહેરના પ્રથમ નાગરિક એવા મેયર



ગીતાબેન મકવાણા અને વડોદરા જિલ્લા પંચાયત પ્રમુખ જોસનાબેન રબારીના નામની બાદબાકી કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સર્વોચ્ચ પદ પર બિરાજમાન બે મહિલા નેતાઓની જ બાદબાકી કરી દેવાતાં ભાજપના મહિલા કાર્યકરો અસંતોષ શરૂ થયો છે. સંકલ્પભૂમિ સ્મારક અને મ્યુઝિયમ જેવા ઐતિહાસિક અને સામાજિક રીતે મહત્વપૂર્ણ પ્રોજેક્ટના લોકાર્પણ પ્રસંગે જ શહેર અને જિલ્લાના મુખ્ય પદાધિકારીઓને આમંત્રણ પત્રિકામાં સ્થાન ન મળતા પ્રોટોકોલના ભંગ અને આંતરિક ખેંચતાણ અંગેના સવાલો ઉભા થયા છે.

# શૂટિંગમાં વડોદરાની રિયા ભટનાગર અને ધ્યાનવી પટેલની સિદ્ધિ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

અમદાવાદ ખાતે ધ અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશનના રાઈફલ ક્લબ, ખાનપુર ખાતે 13મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપ-2026નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધામાં વડોદરા રાઈફલ ક્લબના રમતવીરોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વડોદરા તથા ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધામાં વડોદરા રાઈફલ ક્લબની રમતવીર રિયા ભટનાગરે 10 મીટર





એર પિસ્તોલ ચેમ્પિયનશિપના માસ્ટર વિમેન્સ ઈવેન્ટમાં રજત ચંદ્રક મેળવ્યો હતો. જ્યારે ક્લબની અન્ય પ્રતિભાશાળી રમતવીર ધ્યાનવી કૃષ્ણ પટેલે 25 મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલ ચેમ્પિયનશિપની જુનિયર વિમેન્સ ઈવેન્ટમાં કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.


DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'

નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) તરીકેની લેખિત પરીક્ષા અંગે ધ્યાને લેવા જોગ સૂચના

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે વિધુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ) ની લેખિત પરીક્ષા તા.૨૬.૦૭.૨૦૨૬ તથા તા.૦૯.૦૮.૨૦૨૬ ના રોજ લેવામાં આવનાર હતી તે લેખિત પરીક્ષા ભારે વરસાદ અને વહીવટી કારણોસર મુલતવી રાખવામાં આવેલ અને જે અંગેની જાણ DGVCL ની વેબસાઈટ અને જાહેર અખબારોમાં જાહેરાત પ્રસિદ્ધ કરી કરવામાં આવેલ. સદર લેખિત પરીક્ષા હવે પછી આગામી તા.૦૪.૧૦.૨૦૨૬, રવિવાર ના રોજ સુરત ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. સદર સંવર્ગની લેખિત પરીક્ષા માટે દરેક ઉમેદવારોએ પોતાના નવા કોલ લેટર દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની વેબસાઈટ www.dgvcl.com/Advertisement મારફતે ઓનલાઈન ડાઉનલોડ કરી લેવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે ઉમેદવારોએ DGVCLની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પર નિયમિતપણે અપડેટ જોતાં રહેવા અંગે ખાસ જણાવવામાં આવે છે.

કાર્યપાલક વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત



વેચાણ અંગે ટાઈટલ ક્લીયરન્સની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : વડોદરા, સબ-ડીસ્ટ્રીકટ તાલુકે : કરજણનાં મોજે ગામ: **ઓસલામનાં ખાતા નંબર : ૨૭૫, જેનો સર્વે નંબર : ૮૧/૧, ૧૨૦, જુનો બ્લોક નંબર : ૧૨૨, જેનો રી-સર્વે નવો બ્લોક નંબર : ૧૮૨** વાળી ખેડખાતાની ટાઈટલ કલીયર જુની શરતની ખેતીની જમીન, જેનું કુલ સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦-૭૫-૪૩ ચો.મી. જુની શરતની ખેતીની જમીન, જેનો આકાર રૂા.૯-૨૯ પૈસાવાળી ખેતીની જમીન **ભંગી છીતાભાઈ શનાભાઈ**ની સ્વતંત્ર કુટુંબની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું તથા તમામ પ્રકારનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવીને મારા અસીલોને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન-મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, ટ્રસ્ટ/સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સંબંધ કે દાવો, બોજો, લીયન, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો- વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન-માલીકોની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકોને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલોનાં નામે કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો- વિરોધ, દાવા-દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી.

લિ. ભંગી છીતાભાઈ શનાભાઈ

મારી મારફતઃ
બી. કે. રાબડીયા - એડવોકેટ
સંજય જે. ગોલકીયા - એડવોકેટ

ઓફિસઃ સાક્ષી હાઉસ, જીવનધારા હોટલ સામે, ગીતાંજલી, વરાછા રોડ, સુરત. મો.૯૯૨૫૦ ૧૫૨૧૫


# વોર્ડ નં. ૧૩ માં નબળી કામગીરીનો નમૂનો: પેવર બ્લોક સુવિધાને બદલે આફત બન્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની બિલકુલ સામે આવેલા વોર્ડ નંબર 13 વિસ્તારમાં આવેલી ડોક્ટર મણિયારની ગલીમાં પેવર બ્લોકની અત્યંત બિસમાર હાલતને કારણે સ્થાનિક રહીશો અને પદયાત્રીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પાલિકા તંત્રની નાક નીચે જ રસ્તાઓની આટલી કથળેલી સ્થિતિને લઈને સ્થાનિકોમાં ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

ગલીમાં નાખવામાં આવેલા પેવર બ્લોક્સ યોગ્ય જાળવણી અને સમારકામના અભાવે ઠેર-ઠેરથી નીકળી ગયા છે અને અનેક જગ્યાએ વાંકાચૂકા થઈને બેસી ગયા છે. આ કારણે આ માર્ગ પરથી પસાર



થતા પગપાળા લોકોને સતત ઠોકર વાગવાની અને પડી જવાની ભીતિ સતાવી રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, રસ્તાની ખરાબ હાલતને કારણે રોજબરોજ બે થી ત્રણ જેટલા નાના-મોટા અકસ્માતો સર્જાય છે અને લોકો ઈજાગ્રસ્ત બને છે. ખાસ કરીને નાના બાળકો, મહિલાઓ અને વયોવૃદ્ધો માટે આ ગલીમાંથી પસાર થવું અત્યંત જોખમી અને તકલીફદાયક બની ગયું છે.

સ્થાનિકોએ ગંભીર સવાલ ઉઠાવ્યો છે કે જો વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની એક્ઝેટ સામે આવેલા વિસ્તારમાં જ જો આવી દયનીય પરિસ્થિતિ હોય અને સમયસર સમારકામ કરવામાં ન આવતું હોય, તો પછી શહેરના અન્ય આંતરિયાળ વિસ્તારોના નાગરિકો પોતાની સમસ્યાઓ લઈને કોની પાસે જાય? આ ગલીમાંથી અવારનવાર રાજકીય આગેવાનો, નગરસેવકો અને જનપ્રતિનિધિઓની પણ અવરજવર રહે છે તેમ છતાં આ સમસ્યા પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. બીજી તરફ, સમગ્ર મામલે તંત્ર અને કોન્ટ્રાક્ટરો વચ્ચેની કથિત સાંટગાંટ સામે પણ આક્ષેપો થઈ રહ્યા છે.


વડોદરા મહાનગરપાલિકા

~::~ જાહેરાત ~::~

ભારત સરકારશ્રીની કેન્દ્ર પુરસ્કૃત સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઇ.સી.ડી.એસ. શાખા, મહાનગરપાલિકા વડોદરા દ્વારા કાર્યરત વડોદરા મહાનગરપાલિકાના આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર/ તેડાગર તરીકે માનદ સેવાઓ લેવા માટેના માનવબળની

જાહેરાત સને. ૨૦૨૬-૨૭

આઇ.સી.ડી.એસ. શાખા, મહાનગરપાલિકા વડોદરા હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે લેવાના થતા માનવબળની વિગત

(અરજી માટે વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in)

| વોર્ડની સંખ્યા | ઘટકની સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી કાર્યકરમાં લેવાની થતી હાલની/ સંભવિત જગ્યા | માનવબળ તરીકે આંગણવાડી તેડાગરમાં લેવાની થતી હાલની/ સંભવિત જગ્યા |
|---|---|---|---|
| ૧૯ | ૦૪ | હાલની ૩૩ + સંભવિત ૦૫ = ૩૮ | હાલની ૩૯ + સંભવિત ૦૩ = ૪૨ |

- માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલા જે તે આંગણવાડી કેન્દ્રના વોર્ડના વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેનું મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- સદર માનદસેવા બાબતે અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલાની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનવબળની સેવા માટે અરજી કરનાર ઈચ્છુક મહિલાની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનવબળની સેવા માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૪ માં **તા:૨૧/૦૯/૨૦૨૬ થી તા:૧૪/૧૦/૨૦૨૬ (રાત્રે ૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.**
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની માનવબળની માનદસેવા માટે અરજી કરવા જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧૦૦૦૦/- અને આંગણવાડી તેડાગર-૫૫૦૦/- ને મળતા માનદવેતન પ્રમાણે માનવબળની માનદસેવા માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા માનદસેવા આપવા ઈચ્છુક મહિલાની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અને આંગણવાડી તેડાગર ની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઈચ્છુક મહિલા અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. લેવાના થતા માનવબળની સેવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે માનદસેવા આપવા ઈચ્છુક મહિલા દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે વડોદરા કોર્પોરેશનનાં સંબંધિત વોર્ડના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), મહાનગરપાલિકાનો સંપર્ક કરવો.

મ્યુનિ. કમિશનર
મહાનગરપાલિકા, વડોદરા

પી.આર.ઓ. નં:૪૧૬/૨૬-૨૭